| પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી. |
|---|

નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

સાફલ્યગાથા તા.૩૦/૦૯/૨૦૧૯ થી ૦૬/૧૦/૨૦૧૯

| વિક દરમ્યાન કરેલ સારી કામગીરની માસમાં નવસારી પોલીસે કરેલ સારી કામગીરીસાફલ્યગાથા)ની વિગત. | | | |
|---|---|---|---|
| અ.નં | સારી કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી | કરેલ સારી કામગીરીની વિગત | રીકવર કરેલ મુદામાલ |
| | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ નવસારી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા પેટ્રોલીંગ હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે બીલીમોરા પોસ્ટે.ના ફ. ગુ.ર.નં. ૩૪/૧૯ ના ખંડણી તથા નેશનલ એન્ટ્રી ક્રાઇમ એન્ડ હ્યુમન રાઇટસ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનુ કાર્ડ બતાવી ક્રાઇમ બ્રાન્ચના પોલીસ તરીકે ઓળખ આપી નાસતો ફરતો વોન્ટેડ આરોપી મોહમદરફીકમીયા મીયામોહમદ મીઠાઇવાલા રહે. ગોપીપુરા સુરતને પકડી પાડેલ. |  |
| | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ પ્રોહીબીશનના ગુના શોધી કાઢવા પેટ્રોલીંગ હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે પાણીખડક ચાર રસ્તા ખાતે નાકાબંધી દરમ્યાન (૧) મહેન્દ્ર ઉર્ફે મેહુલ ચતુરભાઇ રહે. લસકાણા તા. કામરેજ, જી. સુરત મુળ રહે. અમરેલી (૨) જયદિપ ભીમજી લખાણી રહે. ઘનશ્યામનગર , લંબેહનુમાન, વરાછા સુરત મુળ રહે. ભાવનગરને મારુતી સીફટ નંબર **MH-02-WA-6616** માં જુદા જુદા મેકરની ભારતીય બનાવટની વિદેશીદારૂ નાની મોટી બોટલો નંગ-૩૧૪ કી.રૂ. ૬૫,૫૦૦/- વાહનની કી.રૂ. ૦૩,૦૦,૦૦૦/- મળી કુલે રૂ. ૩,૭૫,૬૦૦/- ના પ્રીહોમુદામાલ તથા વાહન સાથે પકડી પાડવામાં આવેલ.. |  |
| | નવસારી રુરલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/કર્મચારીઓ | નવસારી રુરલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/કર્મચારીઓ પ્રોહીબીશનના ગુના શોધી કાઢવા પેટ્રોલીંગ હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નાકાબંધી દરમ્યાન (૧) મનીષ નવીનભાઇ પટેલ રહે. પાર નિશાળ ફળીયા તા. કપરાડા , વલસાડ ટેમ્પો નંબર- **MH-03-AH-5814** માં જુદા જુદા મેકરની ભારતીય બનાવટની વિદેશીદારૂ નાની મોટી બોટલો નંગ-૧૫૬૦ કી.રૂ. ૦૪,૦૨,૦૦૦/- ટેમ્પો કી.રૂ. ૦૪,૦૦,૦૦૦/- મળી કુલે રૂ. ૦૮,૦૨,૫૦૦/- નો પ્રીહોમુદામાલ તથા વાહન પકડી પાડેલ |  |
| | નવસારી જીલ્લા પોલીસ | નવસારી જીલ્લા પોલીસ, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, સેવાભાવી સંસ્થાઓ, "ટ્રાફિક નિયમો" નું પાલન કરવા જાગૃતિ આવે તેવા હેતુથી તા.**30**/૦૯/૨૦૧૯ ના સવારે **11/00** કલાકે અમલસાડથી આંતલીયા સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૪૦૦ થી વધારે બાઈક સવારોએ જોડાઈ ટ્રાફીક નિયમોનું પાલન કરવા પ્રતિબધ્ધતા દર્શાવેલ |  |

  

**નવસારી જીલ્લા પોલીસ, ટ્રાફીક પોલીસની ફરજો અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવેલ.**

  

**નવસારી જીલ્લા પોલીસ તેમજ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત દાંડી ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજંયતિ ઉજવણી નિમિત્તે સફાઇય અભિયાન.**

   

1. જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીના ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સરકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરુ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ. ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

- ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.
- ટ્રાફીક સપ્તાહની ઉવજણી કરવામાં આવી રહેલ છે. ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.
- વારંવાર રોડ ઉપર ટ્રાફીક ડ્રાઇવ રાખી ટ્રાફીક અવરેનસ અંગેની સમજ આપવામાં આવે છે.

- **ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?**
- નેશનલ ૮ તેમજ અન્ય રસ્તાઓ ઉપર એકસીડન્ટ ઝોન નકકી કરી રોડ એકસીડન્ટ, ટ્રાફીક નિયમન, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ સાઇનબોર્ડ, લગાડવામા; આવેલ છે.
- દરેક પોલીસ સ્ટેશન ખાતે ગૃહ વિભાગ ધ્વારા કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારુ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

- **અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.**
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે